ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૧ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેર અને આસપાસની હોટલ-રેસ્ટોરન્ટ પર હાઉસફુલના પાટીયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર લોકસભા બેઠક માટે આજે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઉમેદવારી પત્ર ભરવા માટે આવ્યા હતા. અમદાવાદમાં મેગા રોડ શો દ્વારા અમિત શાહ ગાંધીનગર પહોંચ્યા હતા. જયારે ગાંધીનગર શહેર ખાતે પણ રાજયભરમાંથી હજ્જારો કાર્યકરો ઉમટી પડ્યા હતા. સવારથી જ કાર્યકરો ઘ માર્ગ પર અમિત શાહને નિહાળવા માટે માનવ સાંકળ રચીને ગોઠવાઈ ગયા હતા. જયારે ઉમેદવારી પત્ર બાદ બપોરના સમયે કાર્યકરો જમવા માટે રવાના થયા હતા. શહેરની દરેક હોટલ-રેસ્ટોરન્ટમાં વેઈટીંગ ચાલતુ હતું. ત્યારે શહેરની હોટલ-રેસ્ટોરન્ટ તેમજ ખાણી પીણી બજારના વેપારીઓને બખ્ખા થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરમાં સવારથી જ ઘ-દોઢ થી કલેકટર કચેરી સુધીના માર્ગ પર ઉભી રહેતી ચા-નાસ્તાની લારીઓ પર કાર્યકરોનો ભારે જમાવડો જોવા મળતો હતો.રાજયભરમાંથી હજ્જારો કાર્યકરો ગાંધીનગર ઉમટી પડ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ ઉમેદવારીપત્ર ભરવા માટે આવવાના હોવાથી કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. ચા-નાસ્તા લારીઓ પર કાર્યકરો ગોઠવાઈ ગયા હતા.પરંતુ નિયત સમય કરતા મોડું થતા જમવા માટે કાર્યકરોએ ઘ-૪ થી ઘ-૫ અને શહેરની અન્ય રેસ્ટોરન્ટ તરફ પણ નજર દોડાવી હતી. આજે હોટલના અને ખાણીપીની વેપારીઓને બખ્ખા થઈ ગયા હતા. બપોરના ૩ વાગ્યા હોવા છતા ગ્રાહકો જમવા માટે આવતા હતા.જયારે વેપારીઓ પણ રેલી હોવાથી કાર્યકરો મોટી સંખ્યામાં આવવાના હોવાથી રોજ કરતા વધુ માલ લાવ્યા હતા, પણ ગણતરીના કલાકોમાં માલ ખાલી થઈ જતા હોટલ રેસ્ટોરન્ટ બંધ કરી દેવાની ફરજ પડી હતી. જયારે કેટલાક સ્થળો પર કલાકો સુધી વેઈટીંગમાં ઉભા રહીને જમવાનો વારો આવ્યો હતો. જયારે શહેરી વિસ્તારમાં સિવાય ચિલોડા, રાંધેજા, અડાલજ તેમજ અમદાવાદ તરફની હોટલ-રેસ્ટોરન્ટમાં આ પ્રકારનો જ માહોલ જોવા મળ્યો હતો. પાટનગરમાં મોટી રેલીઓ હોવાથી ખાણીપીણી બજારમાં તેજી જોવા મળે છે.

# સિવિલ-મેડીકલ કોલેજમાં સૌર ઉર્જાની પ્લેટ પર સફાઈનો અભાવ





ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજની છત પર તંત્ર દ્વારા ૧૦૦ કે.વીની સૌર ઉર્જાની પ્લેટ ફીટ કરવામાં આવી છે. આ પ્લેટને પગલે વિજ ઉત્પાદન થાય છે અને સિવિલ તંત્રને બિલમાં ઘણી રાહત જોવા મળે છે. ત્યારે મેડીકલ કોલેજ અને સિવિલની છત પર ફીટ કરવામાં આવેલી સૌર ઉર્જાની પ્લેટોની જાળવણીના અભાવે સૌરઉર્જામાં ઘટાડો થવાની સંભાવના રહેલી છે. સૌર ઉર્જાની પ્લેટ પર ધુળના થર જામી ગયા છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા સૌરઉર્જાની પ્લેટોની યોગ્ય સફાઈ થાય તો સિવિલને વિજ બિલમાં ફાયદો થઈ શકે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું લાખો રૂપીયાનું વિજબિલ આવે છે. સામાન્ય દિવસો કરતા ઉનાળાની સિઝનમાં વિજ બિલમાં બમણો વધારો જોવા મળે છે. ઉનાળાની કાળઝાળ ગરમી હોવાથી પંખા, કુલર અને એસી શરુ રહેતા બિલ પણ તોંતિગ આવે છે. જયારે સિવિલ તંત્ર દ્વારા બિલમાં ઘટાડો થાય અને ફાયદો થાય તે માટે સિવિલના અને મેડીકલ કોલેજના ધાબા પર સૌર ઉર્જાની પ્લેટ ફીટ કરવામાં આવી છે. સૌરઉર્જાને પગલે ઉનાળાના લાઈટ બિલમાં અંદાજીત એક લાખનો ફાયદો થાય છે. સુર્યના કિરણો સૌર ઉર્જાની પ્લેટ પર પડતા વિજળીનું ઉત્પાદન થાય છે. પરંતુ સૌર ઉર્જાની પ્લેટ પર ધુળના થર જામેલા હોવાથી વિજઉત્પાદનમાં ફેર પડે છે. ત્યારે સૌર ઉર્જાની ધાબા પર ફીટ કરવામાં આવેલી પ્લેટની સફાઈ કયારે કરવામાં આવે છે અને કયારે થશે તે કહેવું અઘરું છે.

# વેસ્ટસાઈડે ગાંધીનગરમાં એનો પ્રથમ સ્ટોર ખોલ્યો

ગાંધીનગર, તા. ૨૯

ટાટા હાઉસનું ભારતીયોનું મનપસંદ ફેશન ડેસ્ટિનેશન વેસ્ટસાઈડે ગાંધીનગરમાં એનો પ્રથમ સ્ટોર શરૂ કર્યો છે. આ વિસ્તારમાં ખરીદીનાં અનુભવને નવેસરથી પરિભાષિત કરતા આ નવા સ્ટોરથી વેસ્ટસાઈડનાં સ્ટોરની સંખ્યા ભારતમાં ૧૪૬ થઈ છે. આ સ્ટોર આર વર્લ્ડ ૧૬, પ્લોટ નંબર ૪૦૦, સેકટર ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬માં સ્થિત છે તથા તેમાં એકછત હેઠળ એપેરલ, એક્સેસરીઝ, કોસ્મેટિક્સ અને ફૂટવેર બ્રાન્ડ સામેલ હશે.

વેસ્ટસાઈડ મહિલાઓ માટે આધુનિક અને એકસકલૂઝઈવ ડિઝાઈન વસ્ત્રોની વિસ્તૃત રેન્જ ઓફર કરે છે. પછી એ વોર્ડરોબનું ૯ ટૂ ૯ કલેક્શન હોય, કેઝ્યુઅલ અને કોન્ફિડન્ટ એલઓવી, યુવાન અને આધુનિક નુઓન તથા સાસ્સી સોડા, કર્વી વિમેન માટે જીઆઈએ, ફિટનેસ વેર માટે સ્ટુડિયોફિટ, તમારી પર્સનલ ફેશન ક્વોશન્ટ વધારવા વન્ડરલવ, વાર્કનું ફેસ્ટિવ અને ઈન્ટ્રિકેટ કલેક્શન, બોહેમિયન પ્રિન્ટ અને ગ્લોબલ સિલહટ્સનાં સમન્વય સાથે બોમ્બે પેઈસ્લી, ફાઈન સિલ્ક વેવ સાથે ઝુબા અથવા હંમેશા મનપસંદ ઉત્સ હોય, જે તમને કલર્સ અને સિલહટની સુવિધા આપે છે - વેસ્ટસાઈડ ટ્રેન્ડથી સભાન મહિલા માટે કશું ને કશું ધરાવે છે.

ફેશનમાં લેટેસ્ટ ટ્રેન્ડને જાળવીને વેસ્ટસાઈડ પુરુષો માટે વિવિધ પ્રકારનાં વસ્ત્રો ઓફર કરે છે. પુરુષો માટેની બ્રાન્ડમાં એથનિક ઈન્ફ્લુએન્સિસ અને કુદરતથી પ્રેરિત ફેબ્રિક્સ સાથે નવી અને આધુનિક નુઓન, ઈટીએ, ટેઈલર્ડ પરફેક્શન માટે એસ્કોટ, કેઝ્યુઅલ વોર્ડરોબ માટે વેસ્ટસ્પોર્ટ, પર્ફોર્મન્સ ફેબ્રિક્સમાં ફિટનેસ વેર માટે સ્ટુડિયોફિટ તેમજ આધુનિક અને આત્મવિશ્વાસ સાથે વોર્ડરોબ સોલ્યુશન્સ માટે ડબલ્યુઈએસ સામેલ છે.

બાળકોનાં વસ્ત્રોની ખરીદી ખરેખર બાળકની રમત જેવી સરળ છે. બેબી એચઓપી, એચઓપી અથવા વાયએન્ડએફમાંથી પસંદગી કરો, જે સાઈઝમાં નાની હોઈ શકે છે, પણ એની સ્ટાઈલ જબરદસ્ત છે.

સ્ટુડિયો વેસ્ટ કોસ્મેટિક્સ, એમ્બ્રોસિયલ ફ્રેગ્રન્સિસ અને લક્ઝરિયસ બાથ એન્ડ બોડી પ્રોડક્ટ્સ સાથે આધુનિક ભારતીય મહિલાઓ માટે બ્યુટી પ્રોડક્ટની એક્સક્લૂઝિવ રેન્જ ઓફર કરે છે. કંપનીએ ૮૪ શહેરોમાં ૮૦૦૦થી ૩૪૦૦૦ ચોરસ ફુટનું માપ ધરાવતા ૧૪૬ વેસ્ટસાઈડ સ્ટોર્સ સ્થાપિત કર્યા છે.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજનો દશાબ્દી મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩૦

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સંસ્થાના દસ વર્ષ પૂર્ણ થતા હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ પુરાની યાદે ટાઉન હોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે કારોબારી સભ્યોનું સજોડે વૈવિધ્યસભર સેવાઓ બદલ સન્માન કરવામાં આવ્યું હતું તથા લકી સભ્યને સ્મૃતિચિન્હ આપી નવાજવામાં આવ્યા હતા.

સમગ્ર દશ વર્ષના સહિયારા પ્રયાસમાં સંગઠનના મોભી જીલુભા ધાધલના માર્ગદર્શન હેઠળ ભુપેન્દ્ર ગજજર, લક્ષ્મણભાઈ કંસારા, જયંતિભાઈ વધાશિયા, મુકેશભાઈ કાલાવડીયા, જી.પી. પટેલ તથા સમગ્ર ટીમ દ્વારા દશાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રીબોન ખેતીયા અનો ચેતનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.




લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન અભ્યાસની સાથે સાથે શાળા દ્વારા આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, અલગ અલગ સ્પર્ધાઓ અને વાર્ષિક રમતોત્સવમાં સારો દેખાવ કરેલ વિદ્યાર્થીઓ માટે શિલ્ડ તથા પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરાના હસ્તે શિલ્ડ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર શાળા પરીવારે તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# જીવન આસ્થા અંગે યુવાને જાગૃતિ ફેલાવી



આજના સ્પર્ધાત્મક યુગમાં ખાસ કરીને બોર્ડની પરીક્ષાઓ અને પરિણામોના સમયમાં યુવનોમાં આત્મહત્યાનું પ્રમાણ વધુ જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષથી રાજય સરકાર દ્વારા શરુ કરાયેલ જીવન આસ્થા હેલ્પ લાઈન આવા યુવાનો-કિશોરોને આત્મહત્યાના માર્ગેથી પાછા વાળી તેમનું જીવન બચાવવા સાથે હકારાત્મક અભિગમના સંચારનું કાર્ય કરે છે. જીવન આસ્થા હેલ્પલાઈનને અનુલક્ષીને ભરતસિંહ ચૌહાણ નામના એક યુવાને પોતાની અંતઃસ્ફૂરણાને પગલે સેકટર-૨૧માં સચિવાલય જીમખાના ખાતે વિવિધ રમતોની તાલીમ લેવા આવતા યુવા તાલીમાર્થીઓને 'જીવન આસ્થા' અંગે સમજ આપી હેલ્પલાઈનનું કાર્ડ આપી જાગૃતિ લાવવા પ્રસંશનીય પ્રયાસ હાથ ધર્યો હતો.

# એનઆઈસીએમ કેમ્પસ ખાતે 'હેપ્પી રકતદાન શિબિર'માં ૪૦ યુનિટસ રકત એકત્ર

## શ્રી જયરામભાઇ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા "હેપ્પી યુથ ક્લબ"ના સંયુક્ત ઉપક્રમે ભારતના તમામ વીર શહીદ જવાનોને સ્મરણાંજલિના ભાગ રૂપે "હેપ્પી રક્તદાન શિબિર" અને નિઃશુલ્ક "દીવા આઈ ચેકઅપ કેમ્પ" યોજાયા : ૮૦થી વધુ લાભાર્થીઓએ આંખોની તપાસ કરાવી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની ચ-૦ સર્કલ નજીક ઈન્ફોસિટીના ગેટ નં.૧ પાસેની શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા "હેપ્પી યુથ કલબ"ના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦મી માર્ચ શનિવારે એનઆઈસીએમ કેમ્પસ ખાતે ભારતના તમામ વીર શહીદ જવાનોને સ્મરણાંજલિના ભાગ રૂપે "હેપ્પી રકતદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૪૦ યુનિટ રક્ત એકત્ર થયું હતું. આ સાથે કેમ્પસમાં નિઃશુલ્ક આંખોની તપાસ માટે "દીવા આઈ ચેકઅપ કેમ્પ"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો ૮૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો અને પોતાની આંખોની તપાસ કરાવી હતી. આ "હેપ્પી રકતદાન




શિબિર"માં રકત એકત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા અંતર્ગત કલોલ શાખા દ્વારા પૂરી પાડવામાં આવી હતી જયારે આંખોની તપાસ માટેની સેવા અમદાવાદની દીવા આઈ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

રકતદાન કેમ્પમાં એકત્રિત રકત કોઈ જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. આ "હેપ્પી રકતદાન શિબિર"નો હેતુ યુવાનો સહિત જાહેર જનતામાં મહાન ભારતના વીર શહીદ જવાનોના બલિદાન પ્રત્યે સન્માન અને ગર્વ સાથે તેમનું સ્મરણ કરવાનો હતો. આ રકતદાન શિબિર દરમ્યાન શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના ટ્રસ્ટી જયપ્રકાશભાઈ પટેલ, ડાયરેકટર ડો. બી.કે.નિર્મલ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના જિલ્લા શાખાના પ્રમુખ જીલુભા ધાંધલ, કલોલ શાખાના સેક્રેટરી દિલીપભાઈ દવે, ગાંધીનગર જિલ્લા શાખાના નિલેન્દુભાઈ વોરા અને અશ્વિનભાઈ દવે, હેપ્પી યૂથ કલબના કોષાધ્યક્ષ ભાવના રામી, એસજેપીઆઈના પ્લેસમેન્ટ હેડ યશ ભટ્ટ તથા લાઈબ્રેરીયન હરપાલસિંહ ઝાલા સહિત તમામ સ્ટાફ મિત્રોએ ઉપસ્થિત રહી રકતદાતાઓ તથા સ્વયંસેવકોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ રક્તદાન શિબિરમાં રકતદાન કરનાર તમામ રકતદાતાને પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ રૂપે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમગ્ર રકતદાન કેમ્પ તથા આઈ ચેકઅપ કેમ્પમાં એસજેપીઆઈની આરોહણ સ્ટુડન્ટ ટીમ દ્વારા વ્યવસ્થા અને સંકલન અંગે પ્રસંશનીય સેવાઓ આપવામાં આવી હતી.

## @ગાંધીનગર

● ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા સવારે ૧૦ થી ૫ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે દ્વિતીય રાજપૂત મહિલા કોન્ફરન્સ યોજાશે.

# પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા સમુહલગ્ન

ગાંધીનગર, તા.૩૦

પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા ગુજરાત રાજયના તમામ ગુરૂ બ્રાહ્મણ સમાજના યુવક યુવતીઓ માટે સમુહ લગ્નોત્સવનું તા. ૧૬મી મેના રોજ ગાંધીનગરના રામકથા મેદાન સેકટર-૧૧ ખાતે આયોજન કરવામાં આવેલ છે. સમુહ લગ્નમાં જોડાવવા ઈચ્છતા યુવક યુવતીઓએ તા. ૨૦મી એપ્રિલ સુધીમાં સુખાનંદ શ્રીમાળી કન્વીનરશ્રી, પ્લોટ નં. ૯૫૧/૧, સે-૨-સી, રીન્કુભાઈ કે. શ્રીમાળી સહકન્વીનરશ્રી, બ્લોક નં. ૯૮/૩ જ ટાઈપ, સે-૧૭, કિશોરભાઈ કે. શ્રીમાળી પ્રમુખશ્રી બ્લોક નં. ૧૨/૧, છ ટાઈપ સે-૨૧ અને જીતેન્દ્રભાઈ દવે-અમીધારા સોસાયટી રખિયાલ-અમદાવાદનો સંપર્ક કરવા સુખાનંદ શ્રીમાળી કન્વીનરશ્રીએ જણાવેલ છે.

# વિદ્યાર્થીઓએ મેરેથોનના માધ્યમથી પર્યાવરણ સંવર્ધનનું ઉદાહરણ પૂરું પાડયું








ગાંધીનગર, તા.૩૦

હવાનું વધતુ જતુ પ્રદૂષણ તથા શહેરમાં રોજબરોજ ઉદ્ભવતા પ્રદુષણને કાબુમાં રાખવું એ અત્યારના સમયની સળગતી સમસ્યા છે. વિશ્વ ગ્લોબલ વોર્મિંગ અને વિવિધ પ્રદુષણો જેવી બેકાબુ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આ સમસ્યાને નાથવાનો એકમાત્ર ઉપાય છે ×વૃક્ષો× તેથી જ વનસ્પતી એ વનસ્પતી જ નહીં પણ આપણા જીવનનો મુળભુત આધાર છે. આગામી તા. ૮ અને ૯ એપ્રિલના રોજ યોજાનાર જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટના પ્રી-ઈવેન્ટ તરીકે તા. ૩૦ માર્ચ ના રોજ વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજ દ્વારા ×રન ફોર ગ્રીન એન્વાયરમેન્ટ× શીર્ષક હેઠળ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય રહીશોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે જીટીયુના કુલપતિ નવીન શેઠ, જીટીયુના રજીસ્ટાર ડૉ.જે.સી. લીલાણી, ગાંધીનગરના ડેપ્યુટી કલેક્ટર જીજ્ઞા વાઘેલા, જિલ્લા શિક્ષણ અધિકારી ભરતસિંહ વાઢેર તેમજ વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જીનિયરીંગ કોલેજના આચાર્યા આર.કે ગજ્જર તથા ગુજરાત ઈલેક્શન રેડિયો બ્રાન્ડ એમ્બેસેડર આર. જે. હર્ષિલ ઉપસ્થિત રહ્યા હતા. આ મેરેથોનમાં એરોબિક્સ ઝૂમ્બા ફિટનેસ ક્લબ દ્વારા ઝુમ્બા ડાન્સ કરાવીને દોડવીરોને વોર્મ અપ કરાવવામાં આવ્યું હતું. મેરેથોનમાં વિદ્યાર્થીઓએ નુક્કડ નાટક દ્વારા મતદાન વિશે લોકોને સંદેશો આપ્યો હતો. ૭ કિલોમીટરની આ મેરેથોન વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજથી શરૂ કરીને મોટેરા, જનતાનાગર તેમજ વિસત થઈને કોલેજ પરત ફરી હતી. દોડવીરોમાં ઉત્સાહ અકબંધ રાખવા માટે ડી.જે. ની પણ વ્યવસ્થા હતી. સાથોસાથ પહેલીવાર મતદાન કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ઈવીએમ ડેમોસ્ટ્રેશન પણ રાખવામાં આવ્યું હતું, જેના થકી વિદ્યાર્થીઓ પણ મતદાન જાગ્રત થયા. મેરેથોનના અંતમાં દોડવીરો પાસે વૃક્ષો વાવીએ અને દેશ સાથે દુનિયાને પણ બચાવીએ એ નારા સાથે વૃક્ષોનું જતન કરવા માટે અને પર્યાવરણને સ્વચ્છ રાખવા માટેની શપથ લેવડાવવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પટેલ શારદાબેન નટવરભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. બિહોલા જશોદાબેન નટવરસિંહ, ઉ.વ. ૬૫
- સ્વ. સોલંકી ભાઈલાલભાઈ શંકરલાલ, ઉ.વ. ૭૩
- સ્વ. પટેલ જોઈતીબેન કેશવલાલ, ઉ.વ. ૭૫
- સ્વ. પરમાર વિક્રમસિંહ રજુજી, ઉ.વ. ૩૩
- સ્વ. ઠાકોર બકાજી કેશાજી, ઉ.વ. ૫૦